ઊંઝામાં ગેસ એજન્સીના સંચાલકોની દાદાગીરીથી ગ્રાહકો ભારે ત્રાહીમામ

સબસિડાઈઝ એલ.પી.જી. સીલીન્ડર્સ ગ્રાહકોને આપવામાં સંચાલકો અખાડા કરી રહ્યાની બુમારાક ઉઠવા પામી છે

ઊંઝા, તા. ૩૧

મહેસાણા જિલ્લામાં ૧ જાન્યુઆરી ૨૦૧૪થી એલ.પી.જી. યોજના અંતર્ગત તમામ ગ્રાહકો માટે ભારત સરકારે ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર ફોર એલ.પી.જી. યોજનાનો અમલ કરવાનું નક્કી કરેલ છે. ત્યારે હાલમાં ઊંઝા એલ.પી.જી. એચ.પી. ગેસના ડીસ્ટ્રીબ્યુટર દ્વારા ગ્રાહકોને યેનકેન પ્રકારે પરેશાન કરીને સબસિડાઈઝડ એલ.પી.જી. સીલીન્ડર્સઆપવામાંઅખાડા કરવામાં આવી રહ્યાની લોક બૂમરાણ ઉઠી છે.

ગ્રાહકો જ્યારે સીલીન્ડર્સ મેળવવા માટે જાય છે ત્યારે અહીંની રાહુલ ગેસ એજન્સીના સંચાલકો અને કર્મચારીઓ મનસ્વી અને ઉધ્ધતાવર્તાવ કરી ગ્રાહકોને સીલીન્ડર આપવામાં આનાકાની કરતા હોઈ આ ડીસ્ટ્રીબ્યુટર સામે છેલ્લા ઘણા સમયથી ગ્રાહકોમાં ભારે નારાજગી પ્રસરી છે. કોઈ ફરિયાદો પૂછપરછ માટે ગ્રાહકો જ્યારે ફોન કરે છે ત્યારે ફોન ઉપાડવામાં આવતો નથી અને ફોન ઉપાડે તો તુમાખી ભર્યું વર્તન કરીને ફોન બંધ કરી દેતા હોય છે.

બીજુ એલ.પી.જી. ડીસ્ટ્રીબ્યુટરોના ડીલીવરીમેન પાસે વજનકાંટો રાખવાનો હોય છે. તેમ છતાં વજન કર્યા વગર સીલીન્ડર અપાય છે. બે રીફિલ બુકિંગ અથવા ડીલીવરી વચ્ચે ૨૧ દિવસના સમયગાળાનું નિયંત્રણ ન હોવા છતાં ગ્રાહકોને ૨૧ દિવસ બાદ જ નોંધણી કરાવ્યા પછી સીલીન્ડર આપવામાં આવે છે. અત્રે ડીસ્ટ્રીબ્યુટરની ઓફિસે આધારકાર્ડ માટે આધાર નોંધણી કેન્દ્ર શરૂ કરાયેલ છે. પરંતુ કેટલાયે ગ્રાહકો આજદિનસુધી આધારકાર્ડની નોંધણીથી વંચિત રહ્યા છે.

રાજકોટ મહાનગરપાલિકાની એક બેઠકની પેટા ચૂંટણીમાં ભાજપાનો ભવ્ય વિજય

રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નં. ૨ ૩ની પેટા ચૂંટણીમાં આજે થયેલ મત ગણતરીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રી રાજુભાઈ ફળદુને કુલ ૧૮૫૨૯ મતો પૈકી ૧૩૬૯૩ મતો મળ્યા હતા. આમ ભાજપાના ઉમેદવારનો ૯૩૦૩ મતોથી ભવ્ય વિજય થયો છે. ભાજપાએ ગત ચૂંટણી કરતા પણ વધુ મતોથી વિજય મેળવીને આ બેઠક જાળવી રાખી છે. આજનો વિજય રાજકોટ મહાનગરના મતદારોએ ભાજપામાં મુકેલો વિશ્વાસ અને કાર્યકર્તાઓની મહેનતનું પ્રતિબિંબ છે.

બરફીલા પવન અને ઠંડીને લીધે જાહેર માર્ગો સુમસામ બન્યા

ડીસા, તા. ૩૧

સમગ્ર રાજયમાં ભારે ઠંડી પગલે અસ્તવ્યસ્ત બન્યું છે. ત્યારે સરસ્વતી તાલુકામાં પણ બરફીલા પવનના સુસવાટા સાથે ગામોથિજવતી ઠંડી લોકોને જરૂર કેદ કરી રહી છે. છેલ્લા બે દિવસથી ડીસા તાલુકો ઠંડો ગાર બની જવા પામ્યો છે. બરફીલા પવનના સુસવાટા અને કાતિલ ઠંડીથી બચવા માટે લોકો ઘરોમાં પુરાયેલા રહે છે અને દિવસભર ગરમ વસ્ત્રોમાં લપેટાયેલા રહે છે.

ગ્રામીણ વિસ્તારોમાં ઠંડીના પગલે સાંજે વહેલા સોપો પડી જાય છે. રાત્રે આઠ વાગ્યા બાદ કરફ્યું લદાયો હોય તેમ સન્નાટો મચી જાય છે. પવન અને ઠંડી વચ્ચે પશુ-પક્ષી અને જાહેર માર્ગો પર જીવન વિતાવતા ભિક્ષુકોની હાલત ભારે કફોડી બની રહી છે તો બીજી તરફ ઘાસચારાની અછત સર્જાતા બાજરીના પુળાના રૂા. ૧૫ અને જુવારના પૂળાના રૂા. ૨૦ થઈ ગયા છે. પશુઓની ભૂખ મટાડવા પશુપાલકો લીમડો નાખી રહ્યા છે. દુધાળા પશુઓએ પણ દૂધમાં ઘટાડો કરી દીધો છે. દિવસે પણ જાહેર માર્ગો પર વાહનોની અવરજવર થંભી ગઈ હોય તેવા દૃશ્યો જોવા મળે છે.

નવા વર્ષને આવકારવા પાલનપુરની પ્રાથમિક શાળાના ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓ દ્વારા રંગોળી સ્પર્ધા યોજવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા જુદી જુદી કૃતિઓ બનાવાઈ હતી. જેમાં બાયબાય-૨૦૧૩ અને વેલકમ-૨૦૧૪ની કૃતિ બનાવી હતી. (તસવીર : હરેશ જોષી)

તલોદ ટ્રિનિટી સ્કૂલમાં સ્પોર્ટસ- ડે યોજાયો

તલોદ, તા. ૩૧

તલોદની ટ્રિનિટી એજયુકેશનલ કેમ્પસ ખાતે તાજેતરમાં સ્પોર્ટસ ડે નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ રમતોનું આયોજન કરી વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

શાળાના પ્રાથમિક અને માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ વિવિધ શાળાકીય રમતો ફુગ્ગા ફોડ, દોડ, સંગીત ખુરશી, કોથળા દોડ, લીંબુ ચમચી, લાંબી કૂદ, ગોળા ફેંક, સ્લોસાયકલીંગ, ત્રિપગી દોડમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જ્યારે પ્રથમ ત્રણ વિજેતાઓને ઈનામો અને સ્પર્ધકોને પ્રમાણપત્ર એનાયત કરી પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું.

જીવનમાં રમત૦૦ગમતનું મહત્વ તેમજ જરૂરીયાત વિશે સમજ સુપરવાઈઝર અલ્પેશ પટેલ આપી હતી. શાળાકક્ષાએથી રમતો માટેની જરૂરી સાધન સામગ્રી પૂરી પાડવામાં આવી હતી. સમગ્ર વ્યવસ્થા શાળા શિક્ષક ભાઈ-બહેનોએ સંભાળી સ્પોર્ટસ ડે ને સફળ બનાવ્યો હતો.

આ કાર્યક્રમમાં શાળા સંચાલક મંડળના સભ્ય આર.એલ.પટેલ, વી.એ. પટેલ, કિરીટભાઈ સહિત કર્મચારીઓએ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

પાલનપુર નગરપાલિકા અને લોકભાગીદારીથી પાલનપુરના લક્ષ્મી ટેકરી સામેથી બેંક સોસાયટી તરફ જતાં માર્ગનું સ્થાનિક રહીશ ડૉ. સંજય મોદીના હસ્તે માર્ગનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

માલપુર ખાતે સેવા ભાવી સંસ્થાઓના ઉપક્રમે મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો

ધનસુરા, તા. ૩૧

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકામાં વિવિધ સેવાભાવી સંસ્થાઓ દ્વારા મફત નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના ગરીબ દર્દીઓને મદદરૂપ થવા જાયન્ટ્સ ગ્રુપ, ગાયત્રી પરિવાર, સદ્‌વિચાર પરિવાર, જલારામ સેવા ટ્રસ્ટ, મનસુખલાલ દેસાઈ ટ્રસ્ટ, શાંતાબેન હરગોવિંદભાઈ શાહ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે આ મફત નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરાંત દર્દીઓને ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં કુલ બારસો દર્દીઓ આનો લાભ લીધો હતો.

આ કેમ્પમાં ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા, મહંત ધનેશ્વરગીરી, શાન્તાબેન શાહ, ગુણવંતભાઈ શાહ, બંસીલાલ પટેલ, નિલેશભાઈ જોષી, આશાબેન મહેમા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

આગીયોલ પાસે ત્રિપલ અકસ્માત થતા એકનું મોત

હિંમતનગર, તા.૩૧

હિંમતનગર નજીક આવેલા આગીયોલ પાસે સોમવારે રાત્રે ત્રિપલ અકસ્માત થતાં એકટીવા ચાલકનું ગંભીર ઈજાને કારણે મોત નિપજયું હતું. જે અંગે ગાંભોઈ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે સોમવારે મોડી રાત્રે આગીયોલ પાસેથી ટવેરા નં. જીજે.૯ એ.જી. ૩૦૪૫ના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી સામેથી આવતી પાસિંગ વગરની રિક્ષાને ટકકર મારી હતી. ત્યારબાદ તેની ટકકરથી અહીંથી પસાર થતાં એકટીવાના ચાલક ચક્ષુલકુમાર મણીલાલ સોનીને પણ હડફેટે લીધા હતા. જેથી તેમને ગંભીર ઈજા થઈ હતી. જેથી તેમનું મોત નિપજયું હતું. જે અંગે નબુભાઈ ઉસ્માનભાઈ મનસુરીએ ટવેરાના ચાલક વિરૂધ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જે અંગે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સીતવાડા પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં રેતી ચોરતા બે ટ્રેક્ટરો ઝડપ્યા

રાત્રી દરમિયાન રેડ પાડી : ખાણ ખનીજ વિભાગનું સાહસ

પ્રાંતિજ, તા. ૩૧

તાલુકાના સીતવાડા ગામેથી પસાર થતી સાબરમતી નદીમાંથી ગેરકાયદેસર ખનન કરી રેતી ચોરતા બે ટ્રેક્ટરોને ખાણ ખનીજ વિભાગે રેડ પાડી ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાંતિજ તાલુકાના સીતવાડા ગામ પાસેથી સાબરમતી નદી પસાર થાય છે. અહિંયાં રાત્રી દરમિયાન બિનઅધિકૃત રીતે નદીનું ખનન કરવામાં આવી રહ્યું છે તેવી બાતમીના આધારે ખાણ ખનીજ વિભાગના ભાવેશ પંડ્યાની ટીમે ઓચિંતી રેડ પાડતા રેતી ભરેલા બે ટ્રેક્ટર ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સીતવાડા ઉપરાંત સાંપડ, આદોલીયા, ગલેસરા સહિતના નદી પટના ગામડાઓમાં રાત્રી દરમિયાન મોટા પ્રમાણમાં રેતીનું ગેરકાયદેસર ખનન કરી વેચવાનું કૌભાંડ આચરવામાં આવે છે. ગ્રામજનોમાં એવી પણ ચર્ચા ચાલી રહી છે કે, રાત્રી દરમિયાન અલગ - અલગ જગ્યાએ રેડ પાડવામાં આવે તો મોટા પ્રમાણમાં ચોરોને ઝડપી શકાય.

પ્રાંતિજમાં યુરીયા ખાતર લેવા પડાપડી

ડેપો નજીક ખાતર મેળવવા મહિલાઓની ૧ કિ.મી. લાંબી લાઈન

પ્રાંતિજ, તા. ૩૧

રવિ પાકોની સિઝન આવી ગઇ છે. જેમાં આ સીઝનના પાકો માટે વાપરવામાં આવતા નાઇટ્રોજન યુક્ત યુરીયા ખાતરની અછતના કારણે પ્રાંતિજમાં ખાતર મેળવવા મહિલાઓની લાંબી કતાર જોવા મળી હતી અને લાંબી તપસ્યા બાદ એક જ થેલી ખાતર હાથમાં આવતા બળાપા સાથે કિસાનો લાલઘુમ થયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકામાં રવિ સિઝનના પાકોનું હજારો હેક્ટરમાં વાવેતર કિસાનોએ કરી નાખ્યું છે. રવિ સિઝનના વાવેતર બાદ પાણીના અમુક પાકો પછી નાઇટ્રોજન તો કેટલાક પાકોમાં અમોનિયમ સલ્ફેટ ફરજિયાત અપાય તો જ ઉત્પાદનમાં ફાયદા થાય છે. ત્યારે યુરીયા ખાતરના પાકાના જરૂરીયાતના સમયે જ એકાએક ખાતરો અદૃશ્ય થઇ જતા કિસાનો પ્રાંતિજમાં લાંબી લીનમાં પોતાની પત્ની સાથે ઉભા રહ્યા હતા. કલાકોની તપસ્યા બાદ માંડ માંડ એક થેલી કાતર હાથમાં આવતું હતું.

ડીસા ખાતે વિના મૂલ્યે વિકલાંગ નિદાન કેમ્પ તથા સાધન સહાય કેમ્પ યોજાશે

સામાજીક ન્યાય અને અધિકારીના વિભાગ નવી દિલ્હી અનુદાનિત, શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ, પાટણ આયોજીત વિના મૂલ્યે વિકલાંગ નિદાન તથા સાધન સહાય કેમ્પ એસ.સી.ડબલ્યુ હાઈસ્કૂલ, ડીસા ખાતે તા. ૪/૦૧/૨૦૧૩ ને શનિવારે સવારે ૭ થી ૪ કલાકે યોજાનાર છે.

આ કાર્યક્રમમાં દરેક સમાજના વિકલાંગ વ્યક્તિઓનું નિદાન કર્યા બાદ જરૂરીયાત વાળા વિકલાંગોને ટ્રાયસિકલ, વ્હીલચેર, જયપુરી ફુટ, કેલીપર્સ, બગલ ઘોડી, વોકર, સ્ટીક વગેરે સાધનો વિનામૂલ્યે આપવામાં આવશે. વિકલાંગ વ્યક્તિઓએ વિકલાંગતા અંગેના મેડીકલ શર્ટીફીકેટની ઝેરોક્ષ, આવકનો દાખલો, રેશનીંગ કાર્ડની ઝેરોક્ષ, અને વિકલાંગતા દેખાય તેવા બે ફોટા અચુક સાથે લાવવા તેમજ અન્ય જરૂરી માહિતી માટે, દવે નરેશકુમાર બાબુલાલ, જીતુભાઈ પુરોહીત મો. ૯૪૨૮૩ ૮૮૬૦૯, વિષ્ણુભાઈ શર્મા (ડીસા) મો. ૮૪૦૧૧૫૮૭૩૩નો સંપર્ક કરવો.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

મહેસાણા જિલ્લા માહિતી કચેરીમાં નિવૃત્તિ વિદાય સમારોહ યોજાયો

મહેસાણા, તા.૩૧

માહિતી ખાતામાં વાહનચાલક તરીકે ફરજ બજાવતા શ્રી પુનમભાઈ પરમાર તા. ૨૧-૧૨-૨૦૧૩ના રોજ સ્વૈચ્છિક નિવૃત્ત થતા તેમનો નિવૃત્તિ સમારંભ આજે માહિતી ખાતામાં યોજાયો હતો. જેમાં કચેરીમાં ઉપસ્થિત સૌ કોઈ સ્ટાફ મિત્રો અને પત્રકાર મિત્રોએ તેમને સ્વસ્થ જીવનની શુભેચ્છા પાઠવી હતી.

મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના કુવાસણાના શ્રી પુનમભાઈ મગનભાઈ પરમારે વાહનચાલક તરીકે રાજય સરકારના માહિતી ખાતામાં ૧૭-૪-૧૯૮૫માં સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાથી કારકીર્દીનો પ્રારંભ કરેલ હતો. સને ૧૯૮૫ થી ૨૦૧૩ સુધીના ત્રણ દાયકાની તેમની માહિતી ખાતાની સેવાઓ દરમિયાન સુરત, ઓલપાડ, ખેરાલુ, મહેસાણા, દાહોદ, ગાંધીનગર અને છેલ્લે મહેસાણા જિલ્લા માહિતી કચેરીમાં સુદીર્ઘ સેવાઓ આપી અધિકારીશ્રીઓ અને સાથી કર્મચારીશ્રીઓના પ્રિતીપાત્ર રહેલા શ્રી પુનમભાઈ પરમારનો તા. ૩૧મી ડિસેમ્બર ૨૦૧૩ના રોજ મહેસાણા જિલ્લા માહિતી કચેરીના વડાશ્રી પરેશભાઈ શાહના અધ્યક્ષસ્થાને શ્રી પુનમભાઈનો વિદાય સમારંભ યોજાયો હતો.

આ પ્રસંગે કચેરીના વહીવટી વિભાગના સહાયક માહિતી નિયામકશ્રી એમ.એલ. પરમાર સહિત કચેરીનો સમગ્ર સ્ટાફે ઉપસ્થિત રહી શ્રી પુનમભાઈ પરમારને નિવૃત્તિ બાદ સ્વસ્થ જીવનની શુભેચ્છા પાઠવી સમગ્ર સ્ટાફ વતી યાદગીરી સમાપન સંભારણું એનાયત કરી તેમની સેવાઓને બિરદાવી હતી.

વિશ્વ એઈડ્સ દિન તથા સપ્તાહની ઉજવણી કરાઈ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત ડૉ. રામભાઈ એમ. પટેલ પી.ટી.સી. કોલેજ એસ.વી. કેમ્પસ કડીમાં વિશ્વ એઈડસ દિનની ઉજવણીના ભાગરૂપે વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા તથા રેલી યોજાઈ હતી. એઈડસ સંબંધી વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ નંબરે મેર મહેશભાઈ બીજા નંબરે પટેલ ઉર્વીબેન એન. ત્રીજા નંબરે વાળંદ હિના એ. વિજેતા થયા હતા. નિબંધ સ્પર્ધામાં પ્રથમ નંબરે પટેલ મિત્તલ ડી ત્રીજા નંબરે નાના ધરજીયા મહુલ જે. વિજેતા થયેલ છે. જયારે ચિત્ર સ્પર્ધામાં પ્રથમ નંબરે મેર મહેશભાઈ બી. બીજા નંબરે પટેલ મિત્તલ ડી. તથા ત્રીજા નંબરે ભાભોર કોકિલા ડી. વિજેતા જાહેર થયેલ છે. કોલેજના પ્રશિક્ષણાર્થીઓએ આ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. કોલેજના અધ્યાપકો તથા પ્રિન્સિપાલ ડૉ. બાબુલાલ આર. પટેલે માર્ગદર્શન આપ્યું હતું.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પ્લસ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામમ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન